# શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ

(પબ્લિક ટ્રસ્ટ રજી.નં:એ/૭૬૯)

Website:https://www.shri76goldarjikelavanimandal.com

## કોરાના વોરીયર્સ

વ્હાલા જ્ઞાતિજનો, તા.૦૭.૦૫.૨૦૨૦

નમસ્કાર,



અનિતાબેન ભાવિનકુમાર દરજી (દો.વાસણા) મેઘાણીનગર, અમદાવાદ ખાતે રહે છે.તેઓ ૪૦ વર્ષનાં છે. GCS હોસ્પિટલ,ચામુંડા બ્રિજ પાસે,નરોડા ખાતે સ્ટાફનર્સ નાં ઇન્ચાર્જ તરીકે અહીયા ૪ વર્ષ થી જોબ કરે છે. તેમણે વી.એસ.હોસ્પિટલ, એલીસબ્રિજ,અમદાવાદ ખાતે થી જનરલ નર્સિંગ એન્ડ મિડવાઇફરી તરીકે નો નર્સિંગ નો ૩ વર્ષનો ડિપ્લોમા કરેલ છે.તેમણે નર્સિંગ નાં અભ્યાસ બાદ વી.એસ. હોસ્પિટલ,સિવિલ હોસ્પિટલ, અપોલો હોસ્પિટલ અને સ્ટર્લીંગ હોસ્પિટલ ખાતે સ્ટાફનર્સ તરીકે જોબ કરેલ છે.થોડો વિસ્તારથી પરિચય આપીએ તો તેઓ સ્વ.ભરતભાઇ ઈશ્વરદાસ દરજી (દો.વાસણા) મેઘાણીનગર નાં પુત્રવધુ છે અને શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળનાં હાલના મંત્રીશ્રી જીગ્નેશકુમાર નારણદાસ દરજી (પેથાપુર) સોલારોડ નાં બહેન છે.

જે રીતે લોકડાઉન માં પણ કોરોના વાઇરસનાં કેસો વધી રહ્યા છે તેને ધ્યાન માં લેતા રાજ્યસરકારે GCS હોસ્પિટલને કોરોના વાઇરસનાં દર્દીઓની સારવાર કરવાની પરવાનગી આપેલ છે જેનાં લીધે GCS હોસ્પિટલે ઉપરનાં ૬ઠ્ઠો અને ૭ મો માળ કોરોના વાઇરસની અસરવાળા દર્દીઓ માટે ફાળવેલ છે.અહી ફક્ત કોરોના સસ્પેકટેડ દર્દીઓ માટે ૨૦૦ બેડ ની સુવિધા કરેલ છે.તદુપરાંત અન્ય એક કોવિડ-19 ઇમરજન્સી વોર્ડની પણ સગવડ કરેલ છે અને અનિતાબેન ભાવિનકુમાર દરજી ની તે વોર્ડ માટે સ્પેશિયલ નિમણુંક કરેલ છે.આપણે સૌ ઘરમાં બેસીને લોકડાઉન નું ઉલ્લંઘન કરીએ છીએ ત્યારે તે પોતાનાં જીવની પરવા કર્યા વિના કોરોના પોઝીટીવ દર્દીઓની સારસંભાળ રાખે છે. તેઓ ખરા અર્થ માં કોરોના વોરિયર્સ તરીકે કામ કરી રહ્યા છે. આપણાં સમાજ માટે આ એક ગૌરવ લેવા જેવી બાબત છે. શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ તેમની આ સેવા બદલ તેમનો આભાર માને છે અને સાથેસાથે પોતાનું અને પોતાનાં પરિવાર નું પણ દયાન રાખવાનું સુચવે છે.

મિત્રો, "શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ" જ આપણી એક એવી સંસ્થા છે કે જેનાં દ્વારા આપણાં બાળકોને શિક્ષણ પ્રત્યે પ્રોત્સાહિત કરવામાં આવે છે. બાળકો આવતીકાલ નું ભવિષ્ય છે.તેમને ભણાવો,ઉચ્ચ શિક્ષા અપાવો.અનિતાબેન જેવી બીજી ઘણી બહેનો આપણાં સમાજમા છે જેઓ કયાંક ને કયાંક સ્ટાફનર્સ ની સેવા આપે છે અને આવી કપરી પરિસ્થિતિમાં પોતાનું વ્હીકલ લઇને પોતાની ડયુટી કરવા દોડી જાય છે. "શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ" એ દરેક બહેનો ને દિલ થી સલામ કરે છે અને એ બહેનોને વિનંતી કરે છે કે તેઓ પણ પોતાનાં જોબ વિશેની પ્રોફાઇલ અમોને મોકલી આપે. આપની પ્રોફાઇલ અમોને કેળવણી મંડળનાં ઇ-મેલ info@shri76goldarjikelavanimandal.com અથવા મંત્રીશ્રી નાં મોબા.નં.90999 90197 ઉપર મોકલી આપશો.અમો અવશ્ય તેને ધ્યાન માં લઇને પ્રસિધ્ધ કરીશું.

"શ્રી છોતેર ગોળ દરજી કેળવણી મંડળ" દરેક જ્ઞાતિબંધુઓને અપીલ કરે છે કે આપની કે આપનાં સ્વજનની દિકરી સ્ટાફનર્સ કે સ્ટાફ ઇન્ચાર્જ તરીકે ની જોબ કરતી હોય તો અમોને જણાવશો.અમો તેમને ઉત્સાહિત કરવા પ્રયત્ન કરીશું.

લી.

મનોજકુમાર પ્રવિણચંદ્ર (ઇસંડ) કલોલ (પ્રમુખ)

જીગ્નેશકુમાર નારણદાસ (પેથાપુર)અમદાવાદ (મંત્રી)